## જ્ઞાનમાર્ગી ધારાની કેટલીક પારિભાષિક સંજ્ઞાઓ.

જ્ઞાનમાર્ગી ધારાનો વિકાસક્રમ તપાસતાં ને એ ધારાના સાહિત્યનો અભ્યાસ કરતાં આપણે કેટલીક સંજ્ઞાઓનો વિશિષ્ટ અર્થમાં વ્યવહાર થતો જોયો. એ સંજ્ઞાઓનો ક્રમિક વિકાસ પણ અનુક્રમે આપણે જોતા આવ્યા. અહીં એ પૈકીની થોડી મહત્ત્વની સંજ્ઞાઓ વિશે, આ ધારાના સાહિત્યને આધારે, ટૂંકી નોંધ લખી છે. આ ધારાના સાહિત્યનું યથોચિત પરિશીલન કરનારને એ જરૂરી લાગશે.

### A. શૂન્ય, સહજ, ખસમ, મહાસુખ.

આ ચાર સંજ્ઞાઓ આ ધારાના સાહિત્યમાં ઘણીવાર એકબીજાના પર્યાયરૂપે પ્રયોજાયેલી આપણે જોઈ છે. અહીં આ સંજ્ઞાના વિશિષ્ટ સંકેતોનો ક્રમિક વિકાસ સંક્ષેપમાં જોઈ લઈએ.

આમ જોઈએ તો "શૂન્ય"ની પ્રથમ એંધાણી "નાસદીય સૂક્ત" માં મળે છે. બ્રહ્મના "નેતિ નેતિ" રૂપે થયેલા વર્ણનમાં પણ એનો અણસાર દેખાશે. પ્રશ્નોપનિષદમાં "સર્વમેવાવિવેશ" (૪,૧૧) (? કહ્યું છે ત્યાં પણ શૂન્યની સર્વવ્યાપકતાનું સૂચન છે. પછીથી બૌદ્ધ દાર્શનિકોએ આ સંજ્ઞાના સંકેતના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો. "પ્રતીત્ય સમુત્પાદ" ના સિદ્ધાંતને વિકસાવીને શૂન્યની પ્રતિષ્ઠા કરવામાં આવી. એમાં નાગાર્જુન, આર્યદેવ, ઓરિસાના આચાર્ય ભવ્ય, વલભીપુર(ગુજરાત) (? માં આચાર્ય બુદ્ધપાલિત, આચાર્ય ચન્દ્રકીર્તિ, શાન્તિદેવ, આચાર્ય શાન્તિરક્ષિત–આટલા દાર્શનિકોએ મહત્ત્વનું અર્પણ કર્યું છે.

બૌદ્ધદર્શનની સૌત્રાંતિક, વૈભાષિક, યોગાચાર અને માધ્યમિક– આ ચાર શાખાઓ પૈકી યોગાચાર શાખામાં બાહ્ય વસ્તુ સાચી નથી, વિજ્ઞાનનાં વિવિધ રૂપોનો જ અર્થરૂપે ભાસ થાય છે, એમ વિજ્ઞાનવાદના આદ્યસ્થાપક અશ્વઘોષે કહ્યું. માધ્યમિક મતમાં વિજ્ઞાનની અર્થરૂપે થતી પ્રાતિભાસિક પ્રતીતિનો પણ સ્વીકાર નથી ને પુદ્ગલમાં સ્થિર આત્મા કે પુરુષ ( ? નથી અને બાહ્ય અર્થમાં પણ કશું સ્થિર વસ્તુતત્ત્વ નથી એમ કહી બાહ્ય અને આંતર અનાત્મવાદને સ્થાપતો શૂન્યવાદ જોવામાં આવે છે. આ માધ્યમિક શૂન્યવાદ બૌદ્ધ મહાયાન સંપ્રદાયની શાખા છે. "શૂન્ય" નો અભાવાત્મક સંકેત પાછળથી બદલાયો. એ સંજ્ઞા પરમતત્ત્વની સૂક્ષ્મતા અને અવાઙ્મનસગોચરતાની દ્યોતક બની. નાગાર્જુને શૂન્યની વ્યાખ્યા "શૂન્યાશૂન્ય" કરીને આ પ્રમાણે આપી:

શૂન્યમિતિ ન વક્તવ્યમશૂન્યમિતિ વા ભવેત્ ।
ઉભયં નોભયં નૈવ પ્રજ્ઞપ્ત્યર્થં તુ કથ્યતે ॥ (?

ધીરે ધીરે શૂન્યનો નાસ્તિવાચક અર્થ પરિવર્તિત થતાં એ સંજ્ઞા સુખ અને ઐશ્વર્યવાચક બની. પછીથી એ સંજ્ઞા બુદ્ધ, ધર્મ, ઈશ્વરનો પર્યાય પણ બની ગઈ. વજ્રયાનમાં તો "શૂન્ય" વિશ્વનું મૂળ તત્ત્વ બની રહ્યું. એ જ સારતત્ત્વ ગણાયું. સંસારમાં માયા સિવાયનું જે કાંઈ તે "શૂન્ય" કહેવાયું. દેવદેવતાઓની કલ્પના પણ નષ્ટ થઈ અને કેવળ "શૂન્ય" જ પરમતત્ત્વરૂપે પ્રતિષ્ઠિત

થયું.સરહપાદે આ શૂન્યાવસ્થાને "સુખરાજ" અને "મહાસુખ" કહીને ઓળખાવી છે:" એ હુ સો પરમ મહાસુહ ણઉ સુણ્ણ પર ણઉ અપ્પાણ" આ સ્થિતિમાં ઇન્દ્રિયબોધનો લોપ થાય છે,પોતાને જાણવાની સ્થિતિનો પણ લોપ થાય છે.એમને મતે" બોહિ", "જિણરઆણ","મહાસુહ", "અણુત્તર","જિનઉર","ધામ","સહજ","ણિવ્વાણ" અને "સુન્ન"- આ બધા પર્યાયો જ છે. તન્ત્રમાં પણ શિવ અને શક્તિને "શૂન્યાકાર" કહીને વર્ણવ્યા છે.(ભાસ્કરરાયકૃત "વરિવસ્યા-રહસ્ય).નાથપંથીઓનું નાથતત્ત્વ ઉપાધિથી અતીત,અખણ્ડ જ્ઞાનરૂપી નિરંજન છે,શૂન્ય છે. નાથપંથી યોગીઓ આત્માનો શૂન્યમાં ને શૂન્યનો આત્મામાં લય સાધે છે.જાલંધરપાદના એક પદમાં "અક્ષય નિરંજન નિરાલંબ શૂન્ય" ની વાત છે.એઓ અનિર્વાચ્ય શૂન્યને જ ઉપાસ્ય માને છે.આ શૂન્ય સહજના પર્યાયરૂપ જ છે એનો પ્રથમ નિર્દેશ મત્સ્યેન્દ્રનાથ અને ગોરખનાથ વચ્ચેના સંવાદમાં મળી આવે છે.(જુઓ,નાથસમ્પ્રદાયની આગળ કરેલી ચર્ચા).ત્યાં ગોરખનાથ પૂછે છે:" કુણિ સુનિ ઉત્પન્ના ?".મત્સ્યેન્દ્રનાથ જવાબ આપે છે: "સહજૈ સુનિ ઉત્પન્ના." પછી તો "સહજ શૂન્ય" એ સંજ્ઞા સાથે જ વપરાવા લાગી છે.ને એ આપણે સંતસાહિત્યમાં તથા આપણી જ્ઞાનમાર્ગીધારાના સાહિત્યમાં જોયું છે.આ "સુખરાજ" કે "મહાસુહ" તે જ સહજાનંદ. પ્રથમાનન્દ,પરમાનન્દ,વિરમાનંદ અને સહજાનંદ-- આ ચાર પ્રકારના આનંદમાં સહજાનંદ જ શ્રેષ્ઠ.એમ કહેવાય છે કે ભગવાન બુધ્ધ પોતે પણ આ સુખરાજનું વર્ણન કરતાં વચનદરિદ્ર બની ગયા હતા.જાલંધરપાદે પણ કહ્યું છે: જે આનંદ પરમાનંદ અને વિરમાનંદની વચ્ચે ઢંકાઇ જતો નથી,જે બધાથી ઊંચે ને પર છે તે મહાસુખ છે.આ સહજાનંદને પામવાની સાધના દોહાકોષ ૭૭ માં બતાવતાં કહ્યું છે: સર્વ રૂપને ખસમ(આકાશવત્) બનાવી દેવા,મનને ખસમ સ્થિતિમાં સ્થિર કરવું,જેથી કરીને મન "અમન" બની જાય.આટલું કર્યા પછીથી સહજસ્વભાવમાં રાચવાનું બને.તેલોપાએ આ સહજાવસ્થાને જ" અન્દય" નામે ઓળખાવી છે.સહજમાં મનને નિશ્ચલ કરીને સમરસ થનાર જ સાચો સિધ્ધ.એવા સિધ્ધને જરા-મરણનો કે "અવણાગમણ" નો ભય નહિ રહે.ગોરખનાથે શૂન્યનો મહિમા ગાયો છે:

> સુંનિ જ માઇ સુંનિ જ બાપ,સુંનિ નિરંજન આપૈ આપ;
> સુંનિ કૈ પરચૈ ભયા સથીર, નિહચલ જોગી ગહરગંભીર.
> (ગોરખબાની.પૃ.૭૩).

સંત સાહિત્યમાં "શૂન્ય" નિર્ગુણ સર્વાત્માના પર્યાય તરીકે પ્રયોજાય છે.આની સાથે હઠયોગપ્રદીપિકામાં શૂન્ય એ સંજ્ઞા બ્રહ્મરન્ધ્ર,સુષુમ્ણા નાડી,અનાહત-ચક્ર આદિ માટે પ્રયોજાતી હોવાથી સંતોએ પણ "સહસ્ત્રદળ કમલ" ,"બ્રહ્મરન્ધ્ર" ના અર્થમાં "શૂન્ય" નો પ્રયોગ કર્યો છે.ગોરખનાથે સમાધિ-અવસ્થાને માટે પણ "શૂન્ય" સંજ્ઞા પ્રયોજેલી છે.યોગીઓએ બ્રહ્મના વાસસ્થાનની કલ્પના સહસ્ત્રદલ કમલમાં કરી છે ને બ્રહ્મ શૂન્ય છે માટે એનું વાસસ્થાન પણ શૂન્ય જ છે એમ માનવામાં આવ્યું.આથી "સુન્ન મંડલ","સુન્ન મહલ",સુન્ન સિખર",સુન્ન ગઢ" સંજ્ઞાઓ પણ સંતસાહિત્યમાં વપરાવા લાગી.આપણી જ્ઞાનમાર્ગી ધારાના કવિઓ પણ "શૂન્ય"

"શૂન્ય શિખર" ની વાત કરે છે.આ ઉપરાંત "સુન્ન સરોવર" ,"સુન્ન બસ્તી" એ સંજ્ઞાઓ પણ મળી આવે છે.

સંતો પૈકી દાદૂએ "શૂન્ય" ના સંકેતને પોતાની વિશિષ્ટ રીતે સંસ્કાર્યો છે.દાદૂને મતે શૂન્ય એટલે મુક્ત અવકાશ.જીવનનાં સહજ વિકાસ માટે એક મુક્ત અવકાશની અપેક્ષા રહે. સહજનો સર્વ બાધારહિત અનંત આધાર તે જ શૂન્ય.આત્માના વિહારની સહજભૂમિ તે જ આ શૂન્ય.નાનું સરખું તૃણાંકુર કે નાજુક પુષ્પ પણ જો ઉપરના મુક્ત આકાશના વિસ્તારની બાંહેધરી ન હોય તો ખીલી ન શકે.આથી,દાદૂને મતે,સાચો ગુરુ પણ આ રીતે બ્રહ્મનું અનુવર્તન કરીને પોતે શૂન્યવત્ મુક્ત અવકાશરૂપ બનીને શિષ્યની જિજ્ઞાસાને વર્ધિષ્ણુ બનાવે,જ્ઞાનને નિરંતરાય વિસ્તરવા દે.જે બૃહત્ છે,મહત્ છે તે તેની વ્યાપ્તિને કારણે બૃહત્ ને મહત્ છે.આ વ્યાપ્તિની ચરમ સીમા જ શૂન્ય.જે એ સ્થિતિને પામવા ઇચ્છે તેણે પણ પોતાની આવી વ્યાપ્તિ સિધ્ધ કરવી જોઇએ,તો જ એ અવસ્થાને સહજ રીતે પામી શકાય.જે સત્ય છે,સહજ છે તે આકારની સીમામાં સંકોચ પામે નહિ,માટે સત્ય લોક સૂક્ષ્મ નિરાકારમાં છે.આમ દાદૂમાં શૂન્ય સર્વ-પદવાચ્ય બની રહે છે.શૂન્યાવસ્થામાં દાદૂ જુદાં જુદાં ચાર સ્તર કલ્પે છે: કાયાશૂન્યમાં પંચેન્દ્રિયાદિ સ્થૂળ શરીરનો લય,આત્મશૂન્યમાં સૂક્ષ્મ શરરીનો લય,પરમશૂન્યમાં જીવની અનુભૂતિ અને અંતે સહજશૂન્યમાં અથવા બ્રહ્મશૂન્યમાં યોગી પરબ્રહ્મમાં વિલીન થઇ જાય છે.આ જ સ્થિતિનું વર્ણન પ્રશ્નોપનિષદ્માં "સર્વમાવિવેશ" કહીને કર્યું છે.આ જ નિર્વાણની સ્થિતિ.પ્રથમ ત્રણ શૂન્ય તે આકારલોકનાં,ચતુર્થ શૂન્ય તે નિર્ગુણ--દાદૂનો વિહાર એ સહજ-શૂન્યમાં છે.કબીર પણ શૂન્યમંડળમાં ઘર કરીને રસાલ શબ્દ બાજે છે તે સાંભળે છે.જાતિ અને કુળને વિસારીને એ શૂન્ય-સહજમાં સ્થિર થાય છે.બ્રહ્મર-ધ્રનું છિદ્ર શૂન્યાકાર હોવાથી એને શૂન્ય કહે છે.એમાં પ્રવેશવાના છ દ્વારને કુંડલિની ખોલે છે.શૂન્ય શિખર પર પહોંચતાં અનાહત નાદ સંભળાય છે,અમૃત ટપકે છે. આ સ્થિતિનું વર્ણન આ ધારાના લગભગ બધા જ કવિઓએ આપ્યું છે.તે આપણે જોઇ ગયા છીએ.કબીરે "ખસમ" ને "પતિ" એવા અર્થમાં વાપર્યો છે.આ "ખસમ" શબ્દ સંસ્કૃત નહિ પણ અરબી શબ્દ છે.

અખાએ "અખેગીતા" ના ૨૫ મા કડવામાં બૌધ્ધમતના શૂન્યવાદીની ટીકા કરતાં કહ્યું છે:

> તે પ્રપંચને મિથ્યા કહે,પરમાત્મા કહે નથી,
> કર્મ ધર્મને તે નવ પરઠે,કહે જગત સર્વે શૂન્યથી,
> કહે શૂન્ય ઉપજે શૂન્ય સમાયે,શૂન્યમાંહે સ્થિતિ કરે;
> શૂન્યમાં આશય છે તેહનું,કહે મુઓ મુઓ ફરી નહિ અવતરે,
> કહે અખો શૂન્યવાદી,ન પામે મૂલ તંતને,

આ શૂન્યવાદની અપેક્ષાએ વેદાન્ત મત વધુ સાચો છે એમ કહી એની પ્રતિષ્ઠા કરી છે.અખો "ગુરુશિષ્યસંવાદમાં" (૪,૪૨) "અદૃષ્ટિતત્ત્વ" એટલે અવિદ્યાયુક્ત અન્ત: કરણ શૂન્યને

સ્વીકારે છે એમ કહે છે: પણ એ જ સમયે એ જ કૃતિના બીજા ખંડમાં(૧૩) કહે છે:

મહત્તત્ત્વ સૌ શૂન્યેથી હોય, પ્રકૃતિ શૂન્યે કલ્પિત સો'ય, એમ કહે છે. મહત્ એટલે બુધ્ધિ તત્ત્વ સર્વાંશે શૂન્યમાંથી એટલે કે અવ્યક્તમાંથી પ્રકટ થાય છે ને એ અવ્યક્ત પ્રકૃતિ-શૂન્ય ચૈતન્યના કલ્પન અથવા સ્ફુરણના બળથી પ્રકટ થઇને સોહે છે એમ એને અહીં કહેવું છે.

નરહરિ પણ "જ્ઞાનગીતા" માં (૮ મા કડવામાં) બ્રહ્મનું વર્ણન કરતાં "શૂન્યમાં સોહામણો" એવી સંજ્ઞા વાપરે છે. આ ઉપરાંત ૧૩ મા કડવામાં જ્ઞાનગીતામાં નરહરિ કહે છે:

નેત્ર વિના નિરખો નિરંજન, રાખો મન સહજ શૂન્ય,
સહજ શૂન્યમાં સદોદિત, પરમ જ્યોતિ પ્રકાશ. (૧૩, ૬, ૭).

બૂટિયો પણ કહે છે:

અવિગત મહાશૂન્ય આકાશથી, ઉપજત ધુન્ય,
અનહદથી ઓંકાર છે, તેથી વેદવચન. (૯ મું પદ).

અહીં એ અવ્યાકૃત મહાશૂન્યરૂપે બ્રહ્મને વર્ણવે છે. આજ અર્થમાં નરસિંહ મહેતા" શૂન્યમાં શબ્દ થઇ વેદ વાસે" એમ કહે છે. મીરાંના પદોમાં "ગગનમંડળ" ને "સુન્નમહલ" આવે છે તે જાણીતું છે:"સુન્નમહલમેં સુરત જમાઉં, સુખકી સેજ બીછાઉં, સાહિબ પાઉં." મીરાંની જેમ રણછોડ પણ એના "કક્કો" માં "શુંનમંડલ" માં સુરતાને સ્થિર કરવાનું કહે છે. ગોપાળદાસ એના "જ્ઞાન-પ્રકાશમાં" સૃષ્ટિની ઉત્પત્તિ "સહેજ સૂક્ષ્મ" માંથી થઇ એમ કહે છે. એ પણ સહજાનંદનું જ વર્ણન કરે છે:

શુન્ય નિરામય પૂર્ણવાસ, સ્હેજ સમાધી સદા ઉદાસ(૨૩.૬)

બાપુસાહેબ ગાયકવાડના "શ્યામ સોહાગી" પણ ભ્રમરગુફામાં બિરાજે છે. પ્રીતમ પણ "સહજમાં મોજ" માણે છે. એની "જ્ઞાનગીતા" ના છઠ્ઠા વિશ્રામમાં એ કહે છે:

આનંદ ભોગ ને પ્રાજ્ઞ ભોક્તા, સહજાનંદ સુખ એન,

એ પણ "મહાસુખ" માટે "ગગનમંડળ" માં ઘર કરવાનું કહે છે.

દશમે દશા પરવરીએ રે, વિહંગમ વાટે,
ગગનમંડલ ઘર કરીએ રે, મહાસુખ છે માટે.

"સેહેજ દશા" જ પ્રીતમને "સબસે ભલી" લાગે છે.

કૃષ્ણજીએ પણ આ "સહજાનંદ" માણ્યો છે:

સહજાનંદ સમરસ દરશાયો રે છે શિવ નિરંતર ભરિયો રે. (પદ ૫૨)

વિષયાનંદ નહિ પણ નિજાનંદ અથવા સહજાનંદમાં મગ્ન થવું જ એને ઇષ્ટ છે:

સહજાનંદના લોઢ જ વલિયા મરજિવાની મોજે(પદ ૫૭)

કૃષ્ણજીએ અણલિંગીને "આકાશની પેરે" અનુભવ્યો છે. નિરાંત પણ "ગગન ગુફા" અને "શૂન્ય શિખર" ની વાત કરે છે.

શબ્દમાં સુરત મિલાઇ,મુકામ શૂન્ય ગામનો.

શૂન્ય શિખર સ્વામી રહ્યા,પૂરણ પોતે પરબ્રહ્મ.

ગગન ગુફામેં સેજ હી સુમરન,તંતે તંત મીલાયા.

જીવનદાસ એની ચાતુરીઓમાં "સહજ તણા ઘરમાં સુખ વરતે" એમ કહે છે: ધીરો પણ બ્રહ્માનંદનું વર્ણન કરતાં કહે છે:

શૂન્યશિખર પર અમર અજર નર,વિશ્વંભર રાજ વિરાજે,

સહસ્ત્રદલ કમળ પર કરે લીલા,ત્યાં અનહદ છંદે વાજાં વાજે.

ભોજો પણ શૂન્યશિખર પર આરૂઢ થઇને અનહદનાં વાજાં વગાડે છે.(તિથિઓ ૫) વસ્તાની સુરતી પણ ગગનમાં મગન થઇ જાય છે.ને એને "સદા રહી સેહેજ્યની સમાધ્ય રે."

સહજ સાધનાનો પુરસ્કાર આ ધારાના બધા સાધકોએ કર્યો છે,ને એની ચર્ચા વીગતે કરી છે માટે એને અહીં દોહરાવવાની જરૂર નથી."ખસમ" શબ્દ વિશે આગળ થોડું કહ્યું.અખો પણ એના કક્કામાં કહે છે:

ખં વરતે છે ખ વિષેં ,ભાઇ ! મૂર્ધા માંહિ ૐકાર.

(અપ્રસિધ્ધ અક્ષયવાણી પૃ.૬)

~~કહે છે.~~"અખેગીતા" ના ૧૩ મા કડવામાં જીવન્મુક્તની દશા વર્ણવતાં અખો કહે છે:"આકાશવત્ તે રહે સદા" આ જ "ખસમ" અવસ્થા થઇ."તત્ત્વદર્શીનો મહિમા" વાળા ચોથા પદમાં પણ એવા સાધકની "સુરત આકાશ ભેલાની" એમ અખો કહે છે,ને ઉમેરે છે: "ગગનહી ગેબ ભયો નર બોલે".૨૧ મા કડવામાં અખો કહે છે કે પરમતત્ત્વ અરૂપ ને "ખગાકાર" છે,એના રૂપ બંધાય છે,પણ પાછું એ તો મૂલવત્ "ખસમ" થઇને જ રહે છે:

રૂપ બંધાઇ રમેં રમાડે, પણ ક્ષણ ક્ષણ ખગાકાર.

એજ રીતે "અપ્રસિધ્ધ અક્ષયવાણી" માંના ૫ મા પદ "સન્તો ! આવો જી દેશ હમારડે !" માં અખો કહે છે:

સન્તો ! મન રે મારી મજ્જન કરે,પ્રેમજ્યોતમાં ભળે,

ખગાકાર એ તો થઇ રહે,તે નર પાછો ના ફરે.

પરમતત્ત્વને અખો "આકાશથી આઘેરડું" ને"સહજ શૂન્ય" કહીને ઓળખાવે છે:

સન્તો આકાશથી આઘેરડું તેનું રૂપ નહીં નામ

સહેજે શૂન્ય નિહાળતાં,દેખ્યું પૂરણ ધામ.

"સહજસિન્ધુ", "સહજસુખ" ,"મહારસ," સમરસ",- આ સંજ્ઞાઓ અખાએ ઘણીવાર એની કૃતિમાં પ્રયોજી છે.તે જાણીતું છે એટલે એનો વિસ્તાર અહીં કરવો જરૂરી નથી.નરહરિએ પણ પરમાત્માને "આકાશવત્" કહ્યો છે.(જ્ઞાનગીતા ૧૬,૪.૧૭).

<u>સમરસ.</u>

આ સંજ્ઞા જ્ઞાનમાર્ગી ધારાના કવિઓએ "હરિરસ" "રામરસાયન" "બ્રહ્માનંદ"

ના પર્યાયરૂપે પ્રયોજી છે.સહજાનંદની અવસ્થા તે જ સમરસ થવાની અવસ્થા એ આપણે આગળ જોયું આપણા મધ્યકાલીન કવિઓ પૈકી કૃષ્ણજીએ આ સંજ્ઞાનો વિશેષ ઉપયોગ કર્યો છે:

અનુભવિ દરિયા સમરસ ભરીયા કોઇ મરજીવા માણે

-----કૃષ્ણજી સમરસ સાગર ભાશે સાવ નિરંતર તારે.

તંત્રમાં ખાસ પારિભાષિક અર્થમાં આ "સમરસ" શબ્દ વપરાયો છે.શિવ અને શક્તિ એક બીજામાં અભિન્નભાવે અનુસ્યૂત થઇને રહ્યાં હોય એ સ્થિતિને તંત્રની પરિભાષામાં "સમરસ" અવસ્થા કહે છે.આ સામરસ્યના સંબંધથી શક્તિવિશિષ્ટ શિવ તે જ પરબ્રહ્મ."સમરસ" ના આ સંકેતનો જ પાછળના સાહિત્યમાં વિસ્તાર થયો તે સ્પષ્ટ છે.આ "સમરસ"દશાને વિશે "અવધૂતગીતામાંના આ નિર્દેશો નોંધવા જેવા છે:

शून्यागारे निर्भुलि नग्नो शुद्ध निरंजन समरसमग्न:।
सहजो विरज: कथमिह योगी शुद्ध निरंजन समरसभोगी।
अ१ एवं कथमिह सारविसार: समरसतत्त्वं गगनाकार:।

અહીં સમરસતત્ત્વને ગગનાકાર એટલે કે "ખસમ" કહ્યું છે,તે સૂચક છે.અખાએ આ સ્થિતિનું વર્ણન કરતાં કહ્યું છે:

અખા આપોપું ખોયું ત્યાંહીં,સ્વે સમરસ થયા રે મરી જોતાં ।

(અપ્રસિધ્ધ અક્ષયવાણી પૃ.૨૦)

સુરતિનિરતિ.

આ બન્ને સંજ્ઞાઓનો કોઇ દૃઢ સંકેત નક્કી કરવો મુશ્કેલ છે.એનો સૌ પ્રથમ નિર્દેશ નાથસંપ્રદાયની ચર્ચા કરતાં આપણે જોયો:

નિરતિ સુરતિ અવિનાશી સૂં લાવી...

સુરતિને કેટલાક સંસ્કૃત શબ્દ "સ્મૃતિ" નું તદ્ભવ રૂપ ગણે છે.આ સ્મૃતિ તે છાન્દોગ્યમાં(૭-૨૭,૨) જેનો स्मृतिलम्भे सर्वग्रन्थीनां विप्रमोक्ष:। માં નિર્દેશ થયો છે તે સ્મૃતિ.પ્રત્યાવર્તનની સાધનામાં સ્મૃતિ એટલે કે ચિત્તવૃત્તિના પ્રવાહને બહારને બદલે અંદર લાવવાનો છે.પાતંજલયોગદર્શન(૧,૧૧) માં આપેલી વ્યાખ્યા મુજબ આ સ્મૃતિ એટલે अनुभूत-विषयासंप्रमोष:।કેટલાક એને "સ્ત્રોત" નું તદભવરૂપ લેખે છે,ને આ અર્થમાં સુરતિ એટલે ચિત્તવૃત્તિનો સ્ત્રોત.સુરતિ એ "શ્રુતિ" નું અપભ્રંશ છે,એવી પણ એક માન્યતા છે,ને એનો અર્થ ગુણશ્રવણ કરવામાં આવે છે."સુરતિ" ને અવિકૃત તત્સમરૂપે ગણીને એનો "સારી અથવા શ્રેષ્ઠ રતિ" એવો અર્થ પણ કરવામાં આવ્યો છે.આચાર્ય ક્ષિતિમોહન સેન આવો અર્થ કરે છે,ને "નિરતિ" નો અર્થ "વૈરાગ્ય" કરે છે.આ અર્થને જ અનુકૂળ એવી શ્રી હજારીપ્રસાદ દ્વિવેદીની માન્યતા છે.એઓ "સુરતિ" એટલે અન્તર્મુખી વૃત્તિ અને "નિરતિ" એટલે બહિર્મુખી વૃત્તિ એવો અર્થ કરે છે.આ જ

हिंसन्मत

દિશામાં આગળ વધીને કઠોપનિષદ્માં વર્ણવેલા આત્માના બે સ્વરૂપને મળતી આવતી આ બે સંજ્ઞાઓ છે એમ પણ કેટલાક માને છે."સુરત" એટલે પૂર્ણરૂપે રત,ભોક્તા ને "નિરત" એટલે નિર્લિપ્ત,તટસ્થ,ઉદાસીન.

કબીરે કહ્યું છે:

> સુરતિ સમાની નિરતિ મેં નિરતિ ભઇ નિરધાર
> સુરતિ નિરતિ પરચા ભયા તબ ખૂલે સંભ દુ આર.

આપણો અખો પણ "સુરતનૂરતની નરેણીએ વૈકુંઠ દેખાડુ" એમ કહે છે.અહીં સુરત એટલે સુરતા, લક્ષ્ય,સુરત સગુણ બ્રહ્મ ને નૂરત એટલે પ્રકાશ,જ્યોતિ,અલખ,નિર્ગુણ બ્રહ્મ એવો અર્થ કરવામાં આવ્યો છે.રાધાસ્વામી સંપ્રદાયમાં "સુરતિ" નો અર્થ જીવાત્મા કર્યો છે.કેટલાક "સુરતિ" એટલે સ્વરત થવું,પોતાનામાં લીન થઇ જવું એવો અર્થ કરે છે.કેટલાક આ "સુરતિ" શબ્દનો સંબંધ ફારસી "સૂરત-ઇ-ઇલમિયા" સાથે જોડે છે.કબીર "સુરતિ" નો શ્રુતિ એટલે કે આદિ ધ્વનિ એવો પણ અર્થ કરે છે:

> તબ સમરથ કે શ્રવણ તે મૂલ સુરતિ ભૈ સાર(આદિમંગલ)

તો વળી કબીર ક્યાંક "સુરતિ" એટલે "સુમિરન"(નામજપ)એવો પણ અર્થ કરે છે.દાદૂ કહે છે: "સુરત અપૂઠિ ફેરિ/કરી આતમ માંહે આણિ" અહીં પણ પ્રત્યાવર્તનની સાધનાનુસાર સ્મૃતિને આત્મા સાથે મેળવી દેવાની વાત છે.સંત ગુલાલસાહેબે "સુરતિ" નો અર્થ સમજાવતાં એમના શિષ્ય ભીખાને કહ્યું છે: "ભીખા,સહી સુરતિ મન જાની."એમને મતે "સુરતિ" એટલે મન અથવા ચેતના. દરિયા સાહેબ તથા તુલદાસે "સુરતિ" નો અર્થ જીવાત્મા કર્યો છે,ને એને ત્રિકુટિની યાત્રા કરાવવાનું સવિસ્તર વર્ણન આપ્યું છે."નિરતિ" એટલે નિવૃત્તિ એમ ઘણા માને છે,તો વળી કેટલાક "સુરતિ"નો અર્થ સુષ્ઠુ રતિ કરીને "નિરતિ" એટલે નિરતિશય રતિ એમ માને છે.એ "સુરતિ" ની પરિણત અવસ્થા છે.કારણ કે રતિને માર્ગે આગળ વધનાર આખરે પરમાત્મા સાથે તદાકાર થઇ જાય છે.આમ નિરતિ એ આત્માની બ્રહ્મ સાથેની તદ્રૂપતાની સૂચક બની રહે છે.આ અર્થમાં આ સંજ્ઞા કબીરે વાપરી લાગે છે:

> સુરતિ સમાની નિરતિમેં,અજપા માંહી જાપ,
> લેખ સમાના અલખ મેં આપા માંહી આપ.

"સુરતિકમલ" નામની સંજ્ઞા પણ સંતસાહિત્યમાં જાણીતી છે."જ્ઞાનસ્થિતિબોધ" અને "સંતોષ-બોધ" જેવા સાંપ્રદાયિક ગ્રંથોમાં આ શબ્દોની જટિલ વ્યાખ્યાઓ આપવામાં આવી છે.નિરતિ જ્યારે સુરતિમાં લય પામે છે ને સુરતિ જ્યારે શબ્દમાં લીન થઇ જાય છે ત્યારે હંસદેહની પ્રાપ્તિ થાય છે એમ પણ એમાં કહ્યું છે."રતિ"માં પ્રવૃત્તિનું સૂચન છે,ને"નિરતિ" શબ્દ અભાવાત્મક લાગે છે.આવો અર્થ સ્વીકારીએ તો "સુરતિ"એટલે કે બહિર્મુખી વૃત્તિ,"નિરતિ" એટલે કે અન્તર્મુખી વૃત્તિમાં લીન થાય ત્યારે જીવને જીવ અને બ્રહ્મના અભેદની પ્રતીતિ થાય છે. એથી આગળ જતાં "નિરતિ" અભેદપ્રતીતિરૂપી અહંભાવમાંથી મુક્ત થઇ શબ્દમાં લીન થાય છે

ત્યારે જીવ પોતાના સાચા સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થાય છે."સુરતિ" અને "નિરતિ" નો આવો સ્થૂળસુક્ષ્મ સ્વરૂપનો સંબંધ જોઇનેજ કબીરે "સુરત રાગ નિરત તાર બાજે" એમ કહ્યું હશે.

આપણા કવિઓએ પણ આ બંને સંજ્ઞાઓનો ઉપર જણાવેલા જુદા જુદા અર્થોમાં ઉપયોગ કર્યો છે.દયાળે તો "સુરતિનો વિવાહ" પણ લખ્યો છે.ધીરાએ પણ "સુરતિબાઇનો વિવાહ" લખ્યો છે.એમાં "સુરતિ"ના અલક્ષ્ય પુરૂષ" સાથેના વિવાહની રૂપક ગ્રન્થ છે.પ્રીતમ,કબીરે કહ્યું છે તે જ અર્થમાં "સુરતનો ખેલ નુરતમાં આણો રે",એમ એના "મહિના(૨જા)માં કહે છે. બૂટિયો પણ આયુર્વેદની ધાતુને સિધ્ધ કરવાની પ્રક્રિયાની પરિભાષા વાપરીને કહે છે:

સુરત *નુરતકી રે ધમણ ધમાવી,કામ કોયલા ને બાળ્યા રે હો,

હર્ષ શોક અગ્નીમાં રે હોમ્યા,તેણે અમર અજર રસ ઝાલ્યા. (પદ છઠ્ઠું)

વસ્તો પણ મહિયારીવાળા ∅ પદમાં સાચી મહિયારીનાં લક્ષણ ગણાવતાં કહે છે:

સષી સમાણી સોહી પ્રમાંણી સોરત્યે નોરત્ય ઠરાવે ચે.

ભોજો પણ કહે છે કે જેણે "નુરતનાં નાંગલ નોંધ્યાં હોય" તેની "સુરતો" શૂન્યમાં સમાય.જે શૂર હોય તે "નુરતે ચઢી નિશાન બજાવે" છે.ભાણસાહેબે એમની આરતીમાં બ્રહ્મસાધનાનાં સોપાનો વર્ણવ્યાં છે.એમાં પહેલા જ સોપાનમાં

પેલી આરતી પગથી લાધી,સુરતનુરત સાહેબસે બાંધી,

એમ આવે છે.અનુભવાનંદ બ્રહ્મ સાથેની અભેદાનુભૂતિને માટેની ઉત્સુક "સુરતિ"નું લગ્નોત્સુકા મુગ્ધાના જેવું વર્ણન આપે છે:

અનહદ ધૂન્યની બાજે પષાજ,જાણે કોટિક વાજાંનો અવાજ,

ઊભી સુરત સજીને સઘલા સાજ,કરે નાટારંભ મૂકિને લાજ.

દામોદરાશ્રમ પણ કહે છે:

અખંડ સુરતી લાગી કે,જીવ ચૈતન્ય એક થયું રે લોલ.પ્રાગજીએ "બારમાસી"માં ફાગણનું વર્ણન કરતાં કહ્યું છે:

પીચકારી પંચભૂત સ્થુલતા કેરી રે

તે સુરત સખીને હાથ ખેલે હોરી રે.

નિરાંત પ્રત્યાવર્તનની સાધનાનુસાર વર્ણન કરતાં કહે છે:

ઊલટી સુરત ચઢી ગગનમાં,તદવત થઇ તન તાગી હે,

એ "સુરત" ને શબ્દમાં મિલાવવાની સાધના વિશે પણ કહે છે:

શબ્દમાં સુરતા મિલાઇ,મુકામ શૂન્ય ગામનો.

કબીરની જેમ"સુરતિ"નો અર્થ એ "સુમરન" પણ કરે છે:

ગગનગુફામેં સેજ હી સુમરન ,તંતે તંત મીલાયા.

<u>અજપાજાપ.</u>

<u>અજપાજાપ.</u>

અજપાજાપ એ સહજ સાધવાનું એક અંગ છે. ધ્યાનબિ-દૂપનિષત્માં એનો નિર્દેશ છે: अजपा नाम गायत्री योगिनां मोक्षदा सदा। (६२) ને એનું મહત્ત્વ આમ વર્ણવ્યું છે:

अस्याः संकल्पमात्रेण नरः पापैः प्रमुच्यते।
अनया सदृशी विद्या अनया सदृशो जपः॥ ६४
अनया सदृशं पुण्यं न भूतं न भविष्यति।
येन मार्गेण गन्तव्यं ब्रह्मस्थानं निरामयम्॥ ६५

સગુણોપાસનામાં નિશ્ચિત રૂપની કલ્પના હોવાથી નામસ્મરણ અને બાહ્ય જાપનું મહત્ત્વ હોય તે દેખીતું છે પણ નિર્ગુણની સાધનામાં બાહ્ય જાપ શી રીતે સંભવે? જે અશરીરી છે, અનામી છે તેને વિશે શું બોલીને રટણ કરવું ? આથી અંતર્મુખ બનીને જ એનો જાપ થઇ શકે. માટે રજ્જબે કહ્યું છે:

મન પવન અરુ સુરતિકોં આતમ પકડૈ આપ
રજ્જબ લાવૈ તત્ત સૌં યોંહી અજપા જાપ.

જપ્યા વિનાનો જાપ એટલે અજપા જાપ. એમાં માળાની આવશ્યકતા રહેતી નથી. કારણકે એ તો બાહ્ય ઉપાદાન છે. કબીરે આથી કહ્યું છે કે અજપાજાપમાં ગાંઠ અને મેરૂ વગરની શ્વાસોચ્છ્વાસની જ માળા હોય:

માલા સ્વાસ ઉસાંસકી જામેં ગાંઠ ન મેર.

જપની આ ઉત્તમ સ્થિતિ છે. પતંજલિના યોગદર્શનમાં આ સ્થિતિનું વર્ણન કરતાં કહ્યું છે:

तदेवार्थमात्रनिर्भासं स्वरूपशून्यमिव समाधिः।

(યોગદર્શન ૩,૩-૮૪)

આ જાપની શ્રેષ્ઠતા જાણીને જ કબીરે કહ્યું:

કરકા મનકા છાડિકૈ, મનકા મનકા ફેર.

આ અજપાજાપની સાધના, અન્ય અંગોની જેમ, નાથપંથીઓ પાસેથી પ્રાપ્ત થઇ છે. ગોરખનાથે અજપા જાપનો વિધિ બતલાવતાં કહ્યું છે:

જાપ અજપા હો સહજ ધુન પરખિ ગુરૂ ગમ ધારિએ
મન પવન થિર કરિ શબ્દ નિરખે કર્મ મનમથ મારિએ.

આપણા જ્ઞાનમાર્ગી-ધારાના કવિસાધકોએ પણ આ અજપા જાપનું મહત્ત્વ સ્વીકાર્યું છે તે આપણે એમની કૃતિઓનો પરિચય કરતી વેળાએ જોયું છે. નરહરિએ જ્ઞાનગીતા(૧૩,૬) માં "જાપ જપો જિહ્વા વિના" એમ કહ્યું છે.

<u>અનાહત નાદ.</u>

અનાહત નાદ.

"અજપાજાપ" માં જેવો વિરોધાભાસ છે તેવો જ વિરોધાભાસ "અનાહત નાદ" માં છે.નાદને આપણાં દર્શનમાં બ્રહ્મરૂપ માન્યો છે.સગુણોપાસનામાં શિવનો ડમરુ નાદ અને કૃષ્ણ-નો બંસીનાદ બ્રહ્મના નાદરૂપ જ છે.નાદબિન્દૂપનિષદમાં "નાદ"ની અનેક અવસ્થાઓ વીગતે બતાવી છે."અનાહત" એટલે આઘાત કર્યા વિના જે નાદ ઉત્પન્ન થાય તે અનાહત નાદ.એનું વિકૃતરૂપ અનહદ નાદ પણ પ્રચલિત છે.યોગી પાંચ ચક્રોને ભેદીને સહસ્રારમાં પ્રવેશે છે,ત્યારે બ્રહ્મરંધ્રની નિકટના વાતાવરણમાંથી એક પ્રકારનું સંગીત એને સંભળાવા લાગે છે.આ સૂક્ષ્મ બ્રહ્મનો સૂક્ષ્મ ધ્વનિ છે.આપણા સંતો ને સાધક કવિઓએ આ આનંદાવસ્થાનું વર્ણન કર્યું છે,તેમાં આ અનાહત નાદ ને એના સંગીતના નિર્દેશ આવે છે,તે આ આનંદાવસ્થાનું વર્ણન કરતાં પદોમાં આપણે જોઇ ગયા છીએ.છાન્દોગ્યમાં અંતરાત્માના પ્રમાણરૂપ આ નાદનું વર્ણન આવે છે:એ ગાયોનું ભાંભરવું,વીજળીનું ગરજવું ને અગ્નિનું ભડકવું- [redacted] એના જેવો છે. આ એનું સ્થૂળ રૂપ [redacted].થયું.એ ક્રમશ: સૂક્ષ્મ અને સૂક્ષ્મતર થતો જાય છે.શરૂઆતમાં સમુદ્ર,વાદળ,ભેરી તથા ઝરણાંના ધ્વનિ જેવો પછી મૃદંગ ઘંટ ને નગારાના [redacted] ધ્વનિ જેવો ને અંતમાં કિંકિણી,બંસી,વીણા અને ભ્રમરના ગુંજારવ જેવો સંભળાય છે.આખરે એ [redacted] "ઓંકાર" ની દ્વાદશી માત્રા(જે "બ્રાહ્મી" નામે ઓળખાય છે)રૂપે રહે છે.આથી નાદનો મહત્તા ગાતાં નાદબિન્દૂપનિષદમાં કહ્યું છે:

સર્વ ચિંતાં સમુત્સૃજ્ય સર્વ ચેષ્ટા વિવર્જિત: ।
નાદમેવાનુસંદધ્યાન્નાદે,ચિત્ત વિલીયતે ।। (૪૧)

ધ્યાનબિન્દૂપનિષદમાં પણ કહ્યું છે:

[redacted] અનાહતં તુ યચ્છબ્દં તસ્ય શબ્દસ્ય યત્પરમ્ ।
તત્પરં વિન્દતે યસ્તુ સ યોગી છિન્નસંશય ।।

ગોરખનાથે આ સ્થિતિનું વર્ણન કરતાં કહ્યું છે:

નિરતિ સુરતિ જોગં ન ભોગં જરા મરણ નહીં તહાં રોગં
ગોરખ બલે એકંકારં નહિ તહં બાચા ઓંકારં।।

નિર્વાણ:

આ સંજ્ઞાની ચર્ચા "શૂન્ય" ની ચર્ચા કરતી વેળાએ કરી છે.નરહરિ અને જ્ઞાન-ધારાના અન્ય કવિઓ આ સંજ્ઞા "અનિર્વચનીય" "અવાચ્ય"ના અર્થમાં પણ પ્રયોજે છે."જ્ઞાન-ગીતા"ના ત્રીજા કડવામાં બ્રહ્મનું વર્ણન નેતિ નેતિ એવી "નિર્વાણ વાણી"થી જ કરવું પડે છે, એમ નરહરિ કહે છે.ગુરૂએ કહેલા પ્ર જ્ઞાનથી જે અનુભવ થાય તેનાથી આ"નિર્વાણ પદ" મળે એમ નરહરિ "જ્ઞાનગીતા"ના છઠ્ઠો કડવામાં કહે છે.૯ મા કડવામાં બ્રહ્મ "વાણિ વક્તવ્યે નવ થાય" એમ કહીને આ જ વાત નરહરિએ કહી છે.૧૪ મા કડવામાં નરહરિ "નિર્વાણ" શબ્દને "નક્કી","નિ:સંશય","નિશ્ચિત" એ અર્થમાં પણ વાપરે છે.

અવિગત

નરહરિ, અખો અને અન્ય જ્ઞાનમાર્ગી-ધારાના કવિઓએ આ સંજ્ઞાનો ઉપયોગ કર્યો છે. નરહરિ "અવિગત" અને "વિગત" બંને સંજ્ઞાઓ ચોથા કડવામાં વાપરે છે. "અવિગત" ને સંસ્કૃત શબ્દ "અવ્યક્ત" કે "અવ્યાકૃત" નું તદ્ભવ રૂપ ગણી શકાય. એ બ્રહ્મનો જ પરિચાયક શબ્દ છે. અખો પણ "ગુરૂશિષ્ય સંવાદ"માં "અવિગતથી નભ ઉપન્યું સાર" એમ કહે છે. જે દ્રવ્ય વ્યક્ત થાય છે ને એ રીતે વિકાર પામીને વ્યાકૃત બને છે, તેમાં નામરૂપનું પૃથક્કરણ થાય છે. ત્રિગુણના સામ્યવાળું કારણ દ્રવ્ય તે અવ્યક્ત અથવા મૂલ પ્રકૃતિ.

નિરંજન:

બ્રહ્મના વર્ણનમાં "નિરંજન"સંજ્ઞા ઉપનિષદ્કાળથી વપરાતી આવી છે. શ્વેતાશ્વતરોપનિષદ(૬, ૧૯) માં બ્રહ્મનું વર્ણન કરતાં કહ્યું છે:

निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनम्।

મુનિ રામસિંહના "પાહુડદોહા"માં પણ આ નિરંજનનો ઉલ્લેખ આવે છે. એમાં ૩૮ મા દોહામાં કહ્યું છે: એ અક્ષય તત્ત્વ વર્ણવિહોન છે, જ્ઞાનમય છે, જે સંત અને નિરંજન છે તે જ શિવ છે. એમાં અનુરાગ રાખવો જોઇએ. વળી ૨૨ મા દોહામાં કહ્યું છે : વિષય કષાયમાં જતા મનને જેણે નિરંજનમાં સ્થિર કર્યું તેણે મોક્ષ મેળવ્યો. એને માટે નથી કોઇ બીજા મંત્ર કે તંત્ર. નાથસંપ્રદાયમાં નાથતત્ત્વ બ્રહ્મ અખંડ જ્ઞાનરૂપી નિરંજન છે એમ કહ્યું છે. ઉત્તર ભારતની રામાનન્દી સાધકોની શાખામાં ગુરુવન્દના કરવાને સંસ્કૃતાભાસી આ શ્લોક પ્રચલિત હતો:

નમો નમો નિરંજન નમસ્કાર ગુરૂદેવત: ।
વન્દનં સર્વ સાધવા પરનામં પારંગત: ।।

આ પરંપરા આપણા જ્ઞાનમાર્ગી ધારાના કવિઓમાં ઊતરી આવેલી લાગે છે. આપણા મોટાભાગના કવિઓ કૃતિની શરૂઆતમાં નિરંજનને પ્રણમે છે. "જ્ઞાનગીતા"ની શરૂઆત "પ્રથમિ પ્રણમ નીરંજનદેવજી"થી થાય છે. ગોપાળદાસની "ગોપાળગીતા"અથવા "જ્ઞાનપ્રકાશ"-ના મંગળાચરણમાં પણ "જય જયશ્રી [illegible] છે. આધ્ય નિરંજન અવિચલ પદ નિર્વાણ"કહીને નિરંજનની વંદના કરી છે. અખો પણ "અખેગીતા"ની રચનાનું શ્રેય નિરંજનને આપે છે. નરહરિ તો ફરીફરી બ્રહ્મને માટે આ સંજ્ઞા વાપરે છે. "જ્ઞાનગીતા"ના બીજા કડવાના પ્રારંભમાં "આદિ નિરંજન ધાઇએ, જે પ્રકૃતિ પુરૂષનો ઇશજી" એમ કહે છે. ચોથા કડવાના અંતમાં એને "સનાતન નિર્લેપ નિર્ગુણ, હરિ નિરંજન નિરાકાર" કહીને વર્ણવે છે. વળી ૧૬ મા કડવામાં "ઉત્પત્તિ સ્થિતિ લય જેમાં, તે નિરંજન નિરાકાર રે" એમ કહીને એને વર્ણવે છે. અખો "નિરંજન હો" વાળા પદમાં "નિરંજન" સંજ્ઞાને સમજાવતાં કહે છે:

નિરંજન હો તે અંજને નવ રંજે

જે માયાના અંજનથી અંજાય નહિ તે નિરંજન, એનાથી જે અંજાય તે "જંત". આથી ઊલટું ત્રિગુણાત્મક માયાના દેહરૂપી પુરમાં પુરાએલો જીવ તે "પુરંજન".

બૌધ્ધોના ત્રિરત્નો પૈકીના એક તે નિરંજન.નાથપંથમાં નિરંજનનો ઘણો મહિમા છે.હઠયોગપ્રદીપિકામાં કહ્યું છે કે હઠયોગી નાદાનુસંધાનનો સફળ અભ્યાસી થાય છે,ત્યારે એનાં બધાં પાપ ક્ષીણ થાય છે ને એનાં ચિત્ત અને મારુત નિરંજનમાં લીન થઇ જાય છે.જ્ઞાન નિરંજનના સાક્ષાત્કાર સુધી પહોંચવું જોઇએ.કપિલગીતામાં નિરંજનને ઓંકારના તારક,દંડ, કુંડલી,અર્ધચન્દ્ર અને બિન્દુથી પણ પર પ્રતિષ્ઠિત કહ્યા છે.કબીરની ઘણી ઉક્તિઓમાં "નિરંજન" જ પરમારાધ્ય બની રહે છે.આ નિરંજન અલક્ષ્ય છે,માટે કબીરે કહ્યું છે "અલખ નિરંજન લખે ન કોઇ".આપણી જ્ઞાનમાર્ગીધારાના બધાજ કવિઓએ આ સંજ્ઞા બ્રહ્મના વર્ણનમાં વાપરી છે. મીરાં પણ "નિરંજણ" ને સંબોધીને એને બ્રહ્મપદવાચ્ય લેખે છે.

<u>પિપીલકમાર્ગ, વિહંગમમાર્ગ,મીનમાર્ગ.</u>

હઠયોગની સાધનાની પરિભાષાની આ સંજ્ઞાઓ છે.ષટ્ચક્રભેદનથી કુંડલિનીને સહસ્રાર સુધી પહોંચાડવાની ક્રિયાની તુલના કીડીની વૃક્ષના પર ચઢવાની ક્રિયા સાથે કરવામાં આવે છે.કુંડલિનીની પિંડથી તે સત્યલોક સુધીની યાત્રા આ પ્રકારની છે.જેવી રીતે કીડી ધીમેધીમે ચઢીને વૃક્ષનું મધુર ફળ ખાય છે,પણ ખાઇને પાછી નીચે ઉતરી આવે છે ને એની મીઠાશથી વંચિત બને છે તેવી રીતે કેવળ શારીરિકહઠયોગ કરનારને વારંવાર પૂર્વાવસ્થામાં પાછા ફરવાની શક્યતા રહે છે,ને એને કારણે એ પરમાનન્દનો આસ્વાદ નિરંતર કરી શકતો નથી.

આ પરિસ્થિતિને ટાળવા માટે એક બીજી યૌગિક પ્રક્રિયા છે.કીડીનું આધારસ્થાન પૃથ્વી છે,પણ પંખીનું નિવાસસ્થાન જ વૃક્ષ છે,આથી કીડીની જેમ એને નીચે આવવાની જરૂર રહેતી નથી.આથી દરિયા સાહેબે કહ્યું છે:

બીહંગમ ચઢિ ગયઉ અકાસ,બૈઠિ ગગન ચઢિ દેખુ તમાસા..

એ શૂન્ય શિખર પર જઇને અથવા ગગન મંડલમાં જઇને અમૃતનું પાન કરે છે,પછી એને "પિણ્ડ-ભાગ"માં પાછા ફરવાની કોઇ આવશ્યકતા રહેતી નથી.એની સુરતિ(દૃષ્ટિ) નેત્રના અષ્ટદલ કમલમાંના સૂચિરન્ધ્રદ્વારમાં થઇને બ્રહ્માંડમાં પ્રવેશે છે,ને ત્રિવેણીમાં અવગાહન કરી સહસ્રદલકમલમાં ફરતી ફરતી બંકનાડીમાં થઇ ઉપર ચઢી ભ્રમરગુફામાં દાખલ થાય છે.આ ગુફામાં હંમેશાં "શબ્દ" ગુંજાયમાન રહે છે,ને એમાંથી અલૌકિક સુગંધ સદાકાળ આવ્યા કરે છે.એમાં રહેલા પ્રવેશદ્વારમાંથી એ નિરાકાર સત્પુરુષના નિવાસસ્થાન "સત્યલોક"માં પ્રવેશ કરે છે.સત્યલોકમાંથી એની સુરતિ "અકહ"લોક (= અકથ્ય લોક)ની તરફ વળે છે,ને ત્યાંથી "અમરલોક"માં પહોંચે છે.

અખાએ "મીનમાર્ગ" અથવા "મીનકલા"ને મહાદશા કહીને ઓળખાવી છે.

મીનકલા સો મહાદશા જાને કોએક ભેવ;

જિનકુ ડુબનકા ડર, અખા સો કરે ઢીમરકી સેવ.

(શ્રી અખાજીની સાખીઓ, સેહેજ શક્તિ અંગ)

આ માર્ગમાં તદાકારતાના પર વધારે ભાર મૂક્યો છે.

આ ઉપરાંત દર્દુર માર્ગનો પણ ઉલ્લેખ આ ધારાના સંતકવિઓના સાહિત્યમાં મળી આવે છે.

ગોપાળદાસે એના "જ્ઞાનપ્રકાશ"માં પિપીલિકામાર્ગ અને વિહંગમ વાટનો ભેદ ચર્ચ્યો છે તે આપણે જોઇ ગયા છીએ. કીડી જેમ ઝીણામાં ઝીણું છિદ્ર શોધી કાઢે છે, તે [illegible] તેમ સાચો ગુરૂ જ્ઞાનની સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાત સમજાવે છે, ને પંખી જેમ અનંત આકાશમાં પોતાના બળ પ્રમાણે ઉડે છે તેમ એ શિષ્યને અનંત બ્રહ્મના મહિમાપ્રસારમાં ઉડ્ડયન કરાવે છે, ને માછલીની જેમ પારંગત બનાવે છે. કૃષ્ણજીનાં પદોમાં ય "મીનમારગ" તથા "વિહંગની બાટ" ના નિર્દેશો આવે છે તે આપણે જોઇ ગયા છીએ.

<u>સપ્ત ભૂમિકા.</u>

જ્ઞાનની સાત ભૂમિકાઓ વેદાંત સાહિત્યમાં જાણીતી છે. ભોજે આ ભૂમિકાને માટે "જમીન" શબ્દ વાપરે છે. એ શુભેચ્છા, વિચારણા, તનુમાનસા, સત્વાપત્તિ, અસંક્તિકા, પદાર્થભાવિની અને તુર્યગા એમ સાત ભૂમિકા ગણાવે છે. દામોદરાશ્રમે "સપ્તભૂમિકા" નામની નાનકડી સ્વતંત્ર કૃતિ જ રચી છે. એમાં એણે શુભ ઇચ્છા, શુધ્ધ વિવેક વિચારણા, તનુમાનસા, સત્વાપત્તિ, અસંભક્તિ, પદાર્થભાવની, તુરીયાગામીની, આ સાત ભૂમિકાનું વર્ણન કર્યું છે. શુભ ઇચ્છાની પહેલી ભૂમિકામાં સુબુધ્ધિ રાખીને સત્સંગ કરવાથી નિત્યાનિત્યના વિવેકને પ્રકટાવતી ભૂમિકા તૈયાર થાય છે ને હૃદયમાં વૈરાગ્ય ઉદ્ભવે છે; પછીની ભૂમિકામાં ગુરૂ અને શાસ્ત્રવચન પર વિશ્વાસ રાખીને શ્રવણ મનન અને નિદિધ્યાસનનો નિત્ય અભ્યાસ રાખવામાં આવે છે. ત્રીજી ભૂમિકામાં દેહાભિમાન લય પામે છે, અખંડ આત્મસ્વરૂપનું ધ્યાન રહે છે ને એક અદ્વિતિય રસપૂર્ણ આત્મા સાથેની તદાકારતા અનુભવાય છે; ચોથી ભૂમિકામાં હું એક અદ્વૈત પૂર્ણ બ્રહ્મ છું એવો અનુભવ દ્રઢ થાય છે ને સચ્ચિદાનંદનું સુખ સહેજે પ્રાપ્ય બને છે; આ સ્થિતિને પ્રાપ્ત કરનાર બ્રહ્મવિદ્ કહેવાય, પાંચમી અવસ્થામાં સાધક સદા સહજ સમાધિમાં રહીને બ્રહ્મવિદ્વર બને છે. છઠ્ઠી અવસ્થામાં સાધક તુરીયાતીત તત્ત્વદર્શી બને છે ને સાતમી અવસ્થામાં સાધક બ્રહ્મવિદ્વરિષ્ઠની પદવીને પામીને મનોન્મની દશામાં અખંડ સમાધિમાં રહી કૈવલ્યપદને પામે છે. દામોદરાશ્રમે આ મુજબ સાધકનો બ્રહ્મવિદ્વરિષ્ઠના પદની પ્રાપ્તિનો ક્રમિક વિકાસ વર્ણવ્યો છે.

આ સાત જ્ઞાનભૂમિકાઓ ઉપરાંત ચિત્તનિરોધ માટેની ચાર યોગભૂમિકાઓ પણ આ ધારામાં જાણીતીછે. પહેલી અવસ્થામાં વાણીનો મનમાં લય કરવામાં આવે છે, બીજીમાં મનનો

વિજ્ઞાનમાં લય કરવામાં આવે છે, ત્રીજીમાં વિજ્ઞાનનો મહદાત્મામાં લય થાય છે ને ચોથીમાં મહદાત્માનો શાંતાત્મામાં લય થાય છે. આ ધારાના બધાજ કવિઓએ કોઇ ને કોઇ રૂપે આ ભૂમિકાઓની વાત એમના સાહિત્યમાં કરી છે. નાથપંથીઓની સાધનામાં આ જ પ્રકારે આરંભ, તરૂણ ઉલ્લાસ, યૌવનોલ્લાસ, પ્રૌઢ ઉલ્લાસ, તદન્તોલ્લાસ, ઉન્મની ઉલ્લાસ અને અનવસ્થા ઉલ્લાસ એટલે કે નિર્વિકલ્પક બ્રહ્માનંદની કલ્પના કરી છે. બૌધ્ધોનો અષ્ટાંગિકો માર્ગ પણ જાણીતો છે.

<u>પ્રત્યાવર્તન.</u>

પ્રત્યાવર્તન અથવા ઉલટી સાધના એટલે રૂપમાંથી સ્વરૂપમાં જવાની સાધના. કઠોપનિષદ(૧,૩,૧૦-૧૧ તથા ૧,૩,૧૩) માં ઇન્દ્રિયોના બહાર જવાના સ્વભાવની વાત કરી છે. આ બહિર્મુખી ઇન્દ્રિયોને એની સ્વાભાવિક ગતિ બદલીને અંદર વાળવાની પ્રક્રિયા તે પ્રત્યાવર્તન. કઠોપનિષદ્માં(૨,૧,૧) કહ્યું છે કે જેઓ સંસારમાં પ્રવાહપતિત બની ને "અધીર" બનતા નથી એવા આવૃતચક્ષુ સાધકો ઇન્દ્રિયની રૂપ તરફની ગતિ બદલીને એને સ્વરૂપ તરફ વાળે છે ને આ રીતે એનું પ્રત્યાવર્તન સિધ્ધ કરે છે. આ સંજ્ઞા શંકરાચાર્યે કઠોપનિષદ્ ૨/૧/૧ પરના એમના ભાષ્યમાં પ્રયોજી છે, ને આ વાત સમજાવતાં કહ્યું છે: नद्याः प्रतिस्रोतप्रवर्तनमिव । કેનોપનિષદ્માં(૧,૧,૧) પ્રત્યાવર્તન જ બ્રહ્મજિજ્ઞાસા એવું જણાય છે. એ સિવાય नान्यः पन्था विद्यतेऽयनाय । પછીથી કઠોપનિષદ્માં આ પ્રત્યાવર્તનનો ક્રમ પણ સ્પષ્ટ કર્યો છે. પહેલા અહંતત્ત્વનો આવિષ્કાર, પછી એનું બુધ્ધિતત્ત્વ કે મહત્માં સમર્પણ, પછીથી વિવેકખ્યાતિ દ્વારા પુરૂષ નિઃસંગ કેવલ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થાય. ઉપચારિત બંધનમાંથી "કેવલ" સ્વરૂપમાં પ્રત્યાવર્તન એનું જ નામ મુક્તિ. પાંતજલ યોગદર્શનમાં આનું જ વર્ણન " तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम् । કહીને કર્યું છે. પ્રશ્નોપનિષદ્માં આ પ્રત્યાવર્તનની પ્રક્રિયાને કૃષ્ણપક્ષમાં ચન્દ્ર એક પછી એક કલાને છોડીને નિષ્કલ બને તેની સાથે સરખાવી છે. છાન્દોગ્યમાં(૧,૨૨,૧) ~~મન~~ ઇન્દ્રિયરૂપી અશ્વોને લગામ ખેંચીને પાછા વાળવાની પ્રવૃત્તિનો નિર્દેશ છે. આ પ્રત્યાવર્તનમાં સુખ રહ્યું છે માટે સાધક એ કરે છે, જો અસુખ હોત તો એમ ન કર્યું હોત:

यदा वै सुखं लभतेऽथ करोति नासुखं लब्ध्वा
करोति सुखमेव लब्ध्वा करोति । (છાંદોગ્ય.૭/૨૨/૧)

તૈત્તિરીયમાં પણ ભૃગુના ઉપાખ્યાન દ્વારા (૩,૧૦,૫) આ પ્રત્યાવર્તન જ સૂચવાયું છે. એમાં સૂક્ષ્મથી સૂક્ષ્મતર તરફ થતું જે ઉપસંક્રમણ વર્ણવાયું છે તે જ આ પ્રત્યાવર્તન. પ્રણવસાધનામાં પણ પ્રત્યાવર્તનનું સૂચન છે. એમાં અ, ઉ અને મ એટલે કે જાગ્રતિ, સ્વપ્ન અને સુષુપ્તિને અતિક્રમીને માત્રાહીન ઓંકારમાં પ્રવેશ કરવાનો હોય છે. આ અમાત્ર, ચતુર્થ, અવ્યવહાર્ય, પ્રપંચોપશમ શિવ અને અદ્વૈત જે ઓમ્કાર તે જ આત્મા--એને આ રૂપે જાણે તે આત્મામાં-સ્વરૂપમાં પ્રવેશ કરે.

કુંડલિનીને નીચેથી ઉપર લઇ જવાનો ને બ્રહ્મરંધ્રમાં પહોંચાડવાની સાધનામાં પણ પ્રત્યાવર્તન રહેલું છે.ભગવદ્ગીતા(૨,૫૮) માં પણ ઇન્દ્રિયોને ઇન્દ્રિયાર્થમાંથી વાળી લઇને અંતર્મુખ કરે તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા છે એમ કહ્યું છે તેમાં આ જ વાતનું સૂચન છે.બીજા અધ્યાયના ૭૦ મા શ્લોકમાં કામનારાશિને અંતર તરફ વાળીને શાન્તિ પ્રાપ્ત કરવાની વાત છે.વૈષ્ણવોની ગોષ્ઠ લીલામાં પણ પૂર્ણપ્રાપ્ત પૂર્વગોષ્ઠ અને ઉત્તરગોષ્ઠની વાત છે.ઇન્દ્રિયો જ્યાં ચરે તે ગોષ્ઠ.પ્રભાતમાં ઇન્દ્રિયો વિષયક્ષેત્રમાં ચરે,સાંજે સર્વાન્તરાકર્ષક ઉત્તરગોષ્ઠમાં પાછી ફરે.ઇન્દ્રિઓનું આ પાછા ફરવું તે પ્રત્યાવર્તન.રૂપમાંથી સ્વરૂપમાં જવાની વૈષ્ણવ સહજિયા સાધકોની "આરોપસાધના"માં પણ આ પ્રત્યાવર્તનનું સૂચન છે.જે રૂપને સ્વરૂપમાં એક કરી ને ખોઇ નાંખી શકે તે રતિને શ્રીમતીમાં પરિવર્તિત કરી શકે એમ એઓ માને છે. માટે જ એ સાધકો કહે છે:

> સ્વરૂપે આરોપ એઇ રસકૂપ સકલ સાધન સાર,
>
> સ્વરૂપ ભજિયા સાધન કરિલે સાધકહઇબે પાર.

સન્તોની સાધનામાં દસ મુદ્રાઓ પૈકી વિપરીતકરણી મુદ્રાનો ઉલ્લેખ કબીર વગેરે સંતો વારંવાર કરે છે.આ પ્રત્યાવર્તન જ છે.કબીરે, "ઉલટા પવન ગગનમેં લાઓ" કહીને "ઉલટા" શબ્દ દ્વારા પ્રત્યાવર્તનની સાધનાની જ વાત કરી છે.સૂફીવાદમાં પણ આ પ્રત્યાવર્તનનો નિર્દેશ મળે છે.સાલિક આલિક તરફ જાય છે,અંધકારમાંથી ~~પ્રત્યાવર્તન~~-પ્રત્યાવર્તિત થઇને ફરી સાત નકાબને ભેદે છે.આપણો કવિ નિરાંત પણ આ "ઉલટી" સાધનાનો ઉલ્લેખ આમ કરે છે: "ઉલટી સુરત ચઢી ગગનમાં તદ્વત થઇ તન તાગી હૈ"આ ધારાના અન્ય કવિઓની કૃતિમાં પણ પ્રત્યાવર્તનના નિર્દેશ મળી આવે છે તે આપણે એ કૃતિઓનો પરિચય મેળવતાં જોયું છે.

<u>ઉલઝણ,સમઝણ.</u>

"ઉલઝણ" સંજ્ઞા ઉત્તર હિંદની સંત પરંપરાના પરોક્ષ કે અપરોક્ષ સંપર્કથી કૃષ્ણજીએ પ્રાપ્ત કરી હોય એમ લાગે છે.આ "ઉલઝણ" અવિદ્યાનો જ પર્યાય છે,ને એ માયાથી ઉદ્ભવે છે.એને કારણે બ્રહ્મનું સ્વરૂપ આવરણથી ઢંકાઇ જાય છે.કૃષ્ણજી કહે છે:

> ધોંબો હે રિ રે ઉલજણ ધોંબો હે રિ રે,
>
> આપાના આભાસમાંહે આંબા ધેરિ રે (પદ ૫)

"ગુરૂગમ" વિના સાધક આ ઉલઝણમાં અથડાયા કરે છે,ને સાચા ગુરૂના ઉપદેશથી જ "સ્વયંપ્રકાશપણું" પ્રીછી શકે છે.આ પિછાન અથવા વસ્તો કહે છે તેમ "પહેંચાણ્ય" એટલે જ સમઝણ અથવા સૂઝ.ગુરૂએ આપેલું જ્ઞાન અનુભવથી સિધ્ધ થઇને "સૂઝ" અથવા "સમજણ" બને. અખાએ પણ આથી જ "અખેગીતા"ના ૨૧ મા કડવામાં "સૂઝ વડે અણલિંગી પદ" પ્રાપ્ત થાય એમ કહ્યું છે.આ સૂઝ કે સમઝણ નહિ હોય ત્યાં સુધી બીજાં બધાં સાધનો એળે જાય છે.એ વાત

આપણા આ ધારાના સર્વ કવિઓએ ફરી ફરી કહી છે.આ સમઝણને જ "સમજ" એ સંજ્ઞાથી કેટલકક ઓળખાવે છે.કૃષ્ણજી કહે છે કે ઉલઝણની "વશમી આંકડી" સમઝણવાળો અનુભવી ખણ ય બાણાવણ નર જ ટાળી શકે.બૂટિયો પણ કહે છે: "સમઝા તે હો સમઝી તાંહિં સમા".આ સમજણને માટે બૂટિયોને મતે "ઉગ્ર બુધ્ધિ" હોવી જોઇએ.જાત જાણ્યા વિના સમજણ આવે નહિ,અને એવી સમજ હોય નહિ ત્યાં સુધી જ મત પંથ અને વાદવિવાદ ચાલ્યા કરે,પણ એથી હરિ હાથમાં આવે નહિ એવું બૂટિયાએ એના અગિયારમા પદમાં કહ્યું છે.આ સમજણની સાદી વ્યાખ્યા એના બારમા પદમાં આમ આપે છે:

> દેહભાવે નવ દેખીએ,ને આત્મભાવે નિત્ય,
> એ છે સમજણ ગુરૂ બુટિયા,અનુભવ કેરી એ રીત્ય.

આમ સમજણ એ "અનુભવકેરી રીત્ય" છે.

ઉન્મની,લયલીન.

આ સંજ્ઞાને "હઠયોગપ્રદીપિકા"(૩-૫૩) માં "મનો-મની" કહીને ઓળખાવી છે.એનું વર્ણન આ મુજબ આપ્યું છે:

> मारुते मध्यसंचारे मन: स्थैर्यं प्रजायते।
> यो मन: सुस्थिरीभाव: सैवावस्था मनोन्मनी॥

(હઠ.૨-૪૨)

આ ધારાના સાહિત્યમાં રાજયોગ,સમાધિ,ઉન્મની,મનો-મની,અમરત્વ,લય,તત્વ,શૂન્ય,અશૂન્ય,પરમપદ,અમનસ્ક,અદ્દૈત,નિરાલંબ,નિરંજન,જીવન્મુક્તિ,સહજા અને તુર્યા-- આ બધી સંજ્ઞાઓ એક જ અવસ્થાની વાચક છે.આ અવસ્થામાં વાયુનો અંદર સંચાર થાય છે,મન સ્થિર થઇ જાય છે,ને મનનો આ સુસ્થિરીભાવ જ મનો-મની અવસ્થા તરીકે ઓળખાય છે.આ લયને નામે પણ ઓળખાય છે,કારણકે એમાં ઇન્દ્રિયનો લય મનમાં,મનનો પ્રાણમાં લય થાય છે.પ્રાણનો સ્વામી લય,લયનો સ્વામી નાદ.મન અને પ્રાણનો લય થતાં અભૂતપૂર્વ આનન્દ પ્રાપ્ત થાય છે.આવી અવસ્થામાં આત્માનો શૂન્યમાં ને શૂન્યનો આત્મામાં લય સિધ્ધ કરીને યોગી નિશ્ચિંત બને છે.ષટ્ચક્ર ભેદીને આત્મા આ અવસ્થામાં શૂન્યચક્રમાં અવસ્થિત થાય છે. આ સ્થિતિનું વર્ણન "હઠયોગપ્રદીપિકા" માં આમ આપ્યું છે:

> अन्त: शून्यो बहि: शून्य: शून्य: कुंभ इवांम्बरे।
> अन्त: पूर्णो बहि: पूर्णो पूर्ण: कुंभ इवार्णवे॥

(હઠ.૫,૫૫)

"લેલીન""લયલીન" સંજ્ઞાઓ આપણા જ્ઞાનમાર્ગીધારાના કવિઓએ આ અવસ્થાને સૂચવવા માટે વાપરી છે.ઉન્મની અવસ્થાનાં વર્ણનો પણ લગભગ દરેક કવિએ આપ્યાં છે. નરહરિ"જ્ઞાનગીતા"ના બીજા કડવામાં કહે છે:

લયલીન હોયે, દ્વૈત ખોયે, સિધ્ધ જોગી તેહ (૧૦)

નવમા કડવામાં નરહરિ કહે છે કે જ્યારે "ઉન્મનીયે મન રહે" ત્યારે "પરબ્રહ્મ પ્રગટ મળે"(૩) ૧૪ મા કડવામાં નરહરિ કહે છે કે કાયાકલેશ છોડીને પરબ્રહ્મના ચિંતનમાં લયલીન થઇને રહેવું (૨) ગોપાળદાસ પણ "ગોપાળગીતા"માં ત્રીજા અધ્યાયમાં કહે છે:

મને બંધન ભોગવે, ને મને મિથ્યા વ્યવહાર,

એ મન જ્યારે ઉન્મન થયું તવ દીસે અપરંપાર

વળી આઠમા અધ્યાયમાં કહે છે:

મન ટળી ઉન્મનો થયો, ત્યારે જગબ્રહ્માકાર.

વળી ૧૬ મા અધ્યાયમાં કહે છે:

જેનું ઉન્મુનિએ વેંધ્યું મન, તેના સર્યાં ગયા સાધન.

"અખેગીતા"ના છેલ્લા ૧૦ મા પદમાં અખો પણ કહે છે:

તિહાં હવું મન લેલિન, જઇ ચૈતન્ય ભર્યું એ;

નહિ કો દાતા દીન, તનમય સહજે સહજ ભર્યું એ.(૬)

અણલિંગી.

આ સંજ્ઞા આ ધારાના કવિઓમાં ખૂબજ પ્રચલિત છે. કૃષ્ણજીને "અણલિંગી"-નો "હેડો" લાગ્યો છે, ને એ "અણલિંગી"ને કૃષ્ણજીએ "આકાશની પેરે" અનુભવ્યો છે. અખાએ અને નરહરિએ "અણલિંગી" શબ્દ અનેકવાર વાપર્યો છે. "અખેગીતા"માં ૨૧ મા કડવામાં અખો "અરૂપ અણલિંગી" એવી સંજ્ઞા વાપરે છે. જેને રૂપ છે તે બાહ્યેન્દ્રિયથી ગોચર બને છે, પણ જે એ રીતે પ્રત્યક્ષ થતું નથી તે અરૂપ. તર્કની પરિભાષાનુસાર "લિંગ" એટલે હેતુ. આ હેતુ વડે સાધ્યનું અનુમાન થાય. ધૂમ્રથી અગ્નિનું અનુમાન થાય. અહીં ધૂમ્ર તે લિંગ અને સાધ્ય અગ્નિ તે લિંગી. આ અર્થમાં જેનું લિંગ વડે અનુમાન ન થઇ શકે એવું તર્કાતીત તત્વ તે બ્રહ્મ અણલિંગી કહેવાય. અખાએ અહીં "અણલિંગી" સંજ્ઞા આ અર્થમાં વાપરી છે. આ ઉપરાંત "સૂઝ" વડે જે "અણલિંગી" પદ પ્રાપ્ત થાય છે તેની વાત પણ અખાએ કરી છે. તંત્રાલોકમાં ભાવના અવ્યય પદને લિંગ કહ્યું છે. યોગશિખોપનિષદ્માં એની વ્યાખ્યા આમ આપી છે.:

सूक्ष्मत्वात्कारणत्वाच्च लयनाद् गमनादपि ।
लक्षणात्परमेशस्य लिंगमित्यभिधीयते ॥

જેને કારણે પદાર્થ સ્ફુટ થાય તે લિંગ. એમાં કાર્ય સૂક્ષ્મરૂપે ઉત્પત્તિ પહેલાં હોય છે. લિંગ કારક અને જ્ઞાપક બંને હોય છે. અચેતનલિંગ કારક હોય છે ને ચેતનલિંગ જ્ઞાપક. વેદાંતમાં અને શૈવાગમમાં લિંગનાં વર્ગીકરણ મળે છે. શૈવાગમમાં ભોગલિંગ તે જ વેદાંતમાં સ્થૂલલિંગ, એની શક્તિ તે શરીરને ઉત્પન્ન કરવાની અને વિષયને ભોગવવાની વાસના, એ સૂક્ષ્મલિંગમાંથી પ્રગટે છે. શૈવાગમમાં જે યોગલિંગ તે જ વેદાન્તનું સૂક્ષ્મલિંગ, એ કારણલિંગમાંથી પ્રગટે, વિષય માટેની વાસના તે એની શક્તિ. શૈવાગમમાં જે જ્ઞાનલિંગ અથવા ભાવલિંગ તેજ

વેદાંતનું કારણલિંગ, એ મહાકારણ લિંગમાંથી પ્રગટે, એની શક્તિ તે ચેતના ને એનું અંગસ્થલ તે ઇશ્વરનો દેહ, શૈવાગમનું મોક્ષલિંગ તે જ વેદાંતનું મહાકારણ લિંગ, એની શક્તિ તે સહજ, એનું અંગસ્થળ તે કૈવલ્ય માણનાર જ્ઞાનીનો દેહ. આ બધાં લિંગો અલિંગ અથવા અણલિંગી મહાવિષ્ણુમાં શમી જાય ત્યારે અણલિંગીપદ પ્રાપ્ત થાય, આ જ "મહાવિદેહા" અવસ્થા અથવા "મહાદશા". આ પદને પ્રાપ્ત કરનારનું વર્ણન અખાએ "ગુરૂશિષ્ય સંવાદ"ના ત્રીજા ખંડમાં આપ્યું છે. અખાએ "અખેગીતા"ના ૩૫ મા કડવામાં અણલિંગીની ભક્તિને "મહાવસમી" કહી છે. નરહરિની "જ્ઞાનગીતા"ના ૦૬ મા કડવામાં "જે રહિત લિંગ શરીર" એવો નિર્દેશ. આ "મહાદશા"ને પામેલા સંતને માટે છે. આ સિવાય આ ધારાના લગભગ બધા જ કવિઓ આ પદની વાત કરે છે.

જહદાજહદલક્ષણા.

આ સંજ્ઞા વેદાંતસાહિત્યમાં તો પ્રચલિત છે જ. આપણા જ્ઞાનમાર્ગી ધારાના કવિઓ પૈકી કૃષ્ણજીની રચનામાં એ ખાસ કરીને દેખાય છે. જ્યાં વાચ્યાર્થમાં વિરોધ હોય ત્યાં લક્ષણા શક્તિનો ઉપયોગ થાય. એ શક્તિથી થતા મુખ્ય અર્થના અમુક ભાગને છોડી દઇને, બાકીનો ભાગ રાખીને અથવા નવો, એને સંબંધકર્તા, ભાગ જોડીને તેના ગર્ભિત અર્થનું સૂચન કરવામાં આવે છે. तत्त्वमसि એ મહાવાક્યમાં तत् એટલે બ્રહ્મ અને त्वम् એટલે જીવ. આમાં અલ્પશક્તિ જીવ અને સર્વશક્તિવત્ બ્રહ્મ વચ્ચેનો અભેદ દેખીતી રીતે વિરોધ ઉપજાવે છે. માટે એ બે પદોના વાચ્યાર્થમાં થોડું છોડી થોડું જોડી એનો અર્થ કરવો. એ બે પદો પોતપોતાની વિશાળ ઉપાધિ--સર્વજ્ઞતા અને અલ્પતા-છોડીને બંનેનું સામાન્ય તત્ત્વ બ્રહ્મતત્ત્વ જ જો રાખે તો વિરોધ ટળે. આવી શાબ્દ પ્રમાણગત લક્ષણાના મુખ્ય બે પ્રકાર છે: ૧. કેવલલક્ષણા અને ૨. લક્ષિતલક્ષણા. કેવલલક્ષણાના ત્રણ પ્રકાર છે. ૧. જહત્લક્ષણા-જેમાં પદનો મુખ્ય અર્થ છોડીને સંબંધિત અર્થને ગ્રહવામાં આવે છે. ૨. અજહત્લક્ષણા-જેમાં પદના મુખ્યાર્થને છોડયા વિના સંબંધિત અર્થને ગ્રહવામાં આવે છે અને ૩ ભાગત્યાગ અથવા જહદાજહદ્ લક્ષણા જેમાં પદના મુખ્યાર્થનો થોડો વિશિષ્ટ ભાગ છોડી દેવો પડે છે. એનું દૃષ્ટાંત તે આગળ આપેલું तत्त्वमसि । એ મહાવાક્ય છે.

આવરણ:

"જ્ઞાનગીતા" ના ૭ મા કડવામાં નરહરિ કહે છે કે સઘળા સ્વભાવ હરિના છે, ગુણકર્મ હરિનાં છે, સર્વરૂપ હરિનાં છે એમ જાણીને હરિને હૃદયમાં આણવાથી આવરણ ટળે છે, લગારે ય વિક્ષેપ રહેતો નથી, અંગે આનંદ ઉપજે છે ને મન બ્રહ્માકાર થાય છે. (૭, ૧૩-૧૪) આ આવરણ માયારચિત હોય છે. વેદાંત મુજબ જીવની અજ્ઞાન, આવરણ, પરોક્ષ જ્ઞાન, અપરોક્ષજ્ઞાન, શોકનાશ અને અતિહર્ષ એવી છ અવસ્થાઓ છે. સત્ય આત્માને છુપાવવાની જે શક્તિ તે આવરણ-શક્તિ. આવરણદોષ એ અંત:કરણના ત્રણ દોષો પૈકીનો એક દોષ છે. બીજા બે દોષ તે મલદોષ અને વિક્ષેપદોષ. આ આવરણ અસત્ત્વાપાદક અને અભાનાપાદક હોય છે. એથી "આત્મા છેજ નહિ" અને "આત્મા વરતાતો નથી" એવા સ્વરૂપની ભ્રાંતિ થાય છે. માયા અને જીવ તથા બ્રહ્મના સંબંધની ચર્ચા કરતાં આપણા જ્ઞાનમાર્ગી ધારાના લગભગ દરેક કવિએ આ સંજ્ઞા પ્રયોજી છે.